# મહારાજા સર સયાજીરાવ હવે ઓન લાઇન : વેબસાઇટ લોન્ચ



લક્ષ્મીવિલાસ પેલેસના દરબાર હોલ ખાતે મહારાજા રણજીતસિંહ ગાયકવાડના હસ્તે માઉસના ક્લીક સાથે મહારાજા સયાજીરાવ વિશેની વેબસાઇટ લોન્ચ થઇ હતી.

ભાસ્કર ન્યૂઝ.વડોદરા

જૂના બરોડા સ્ટેટના મહાન રાજવી સર સયાજીરાવ ગાયકવાડના જીવન, શાસન અને તેમના સમયના સ્થાપત્ય, કલા સંસ્કૃતિ અને ગાયકવાડ કુટુંબનો ઈતિહાસ તથા વર્તમાન પેઢીની જાણકારી આપતી વેબસાઈટ www.gaekwadsofbaroda.com કોમનું વિમોચન આજે શ્રીમંત રણજિતસિંહ ગાયકવાડના હસ્તે કરવામાં આવ્યું હતું.

સર સયાજીરાવ ગાયકવાડની ૧૫૦મી જન્મજયંત નિમિત્તે આજે આ વેબસાઈટ તૈયાર કરવામાં આવી હતી. આ વેબસાઈટમાં રાજવી ગાયકવાડ પરિવારનો છેલ્લાં ૩૦૦ વર્ષનો ઈતિહાસ, વંશાવળીના તમામ સભ્યોના ઉપલબ્ધ ફોટોગ્રાફ સાથે આવરી લેવામાં આવ્યો છે. આ પ્રસંગે યુવરાજ સમરજિતસિંહ ગાયકવાડે વેબસાઈટ વિશે વધુમાં માહિતી આપતાં જણાવ્યું કે, દિવસના ટૂંકા સમયમાં વિશાળ માહિતી ભંડારમાંથી લેખન સામગ્રી અને અલભ્ય ગણાય તેવી તસવીરો, ઐતિહાસિક તવારીખ પસંદ કરીને વેબસાઈટ રચવાનો વિરાટ પડકાર પૂરો કર્યો છે.

મેયર ડો.જ્યોતિબહેન પંડ્યાએ આ વેબસાઈટને કારણે ઈતિહાસનું નવઅવતરણ થશે. સર સયાજીરાવ ગાયકવાડના શાસન સમયની, બરોડા સ્ટેટના વિકાસની અનેક ઉપયોગી જાણકારી મળી શકશે. વેબસાઈટ રચનાકાર ટીમના વિનાયક ફડકે અને શાલીમાર ગાયકવાડે જણાવ્યું કે, બરોડા સ્ટેટની મહારાજા સયાજીરાવ ગાયકવાડ દ્વારા નિર્માણ કરાવવામાં આવેલી તમામ ઐતિહાસિક ઈમારતો તેના ફોટોગ્રાફ્સ અને માહિતી સાથે ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

આ ઉપરાંત સયાજીરાવ ગાયકવાડના સમયગાળાની મોટા ભાગની નોંધપાત્ર ઘટનાઓના દુર્લભ ફોટોગ્રાફ્સ પણ તેમાં સમાવી લેવામાં આવ્યા છે. વળી, કેટલીક ઈ-બૂક્સ પણ આ વેબસાઈટ્સ પર મૂકવામાં આવી છે. આ તમામ મટિરિયલ્સ ડાઉનલોડ થઈ શકશે. આ માટે ફેસબૂક ટ્વિટર અને યુટ્યૂબના લિન્કેજિસ પણ કરવામાં આવ્યાં છે.

## સર સયાજીરાવની જન્મજયંતી નિમિત્તે સાયન્સ ફેકલ્ટીમાં સાયન્સ ફેર યોજાશે : સાયન્સના વિવિધ પ્રયોગો થશે

**વડોદરા.** મહારાજા સર સયાજીરાવ-3ની 150મી જન્મજંયતી નિમિતે એમ.એસ.યુનિ.ની સાયન્સ ફેકલ્ટીમાં 11 અને 12મીના રોજ સાયન્સ ફેર યોજાશે. સાયન્સ ફેરની ખાસિયત એ હશે કે વિદ્યાર્થીઓની હાજરીમાં સાયન્સના વિવિધ પ્રયોગો હાથ ધરાશે. સાયન્સ ફેકલ્ટીના ડીન પ્રો. નિખિલ દેસાઇએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓમાં સાયન્સ વિષય અંગે જે ખોટી માન્યતાઓ છે તે દૂર કરીને સાયન્સને તેઓ નજીકથી જાણી શકે તે માટે સાયન્સ ફેરનું આયોજન કરવામાં આવ્યું છે. સાયન્સ ફેરમાં સાયન્સ ફેકલ્ટીના વિવિધ વિભાગોની લેબ ખુલ્લી રહેશે. જેમાં ડિપાર્ટમેન્ટના અધ્યાપકો અને ભણતાં વિદ્યાર્થીઓ શાળાના વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓની હાજરીમાં સાયન્સના વિવિધ પ્રયોગો બતાવશે. ખુદ વિદ્યાર્થીઓ પણ કેટલાક પ્રયોગો જાતે કરી શકશે તેવી વ્યવસ્થા ઊભી કરાઇ છે. અમે શહેરની 80 શાળાઓને આમંત્રણ પાઠવ્યું છે.

